**મહેસાણાની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગ્રવાલ સાહેબ સમક્ષ, મુ.મહેસાણા.**

**રેફરન્સ (એલ.સી.એમ.) નં.૩૬/૨૦૧૬**

**આંક–૨૧**

પ્રથમ પક્ષકાર – મેકકેન ફુડ ઈન્ડીયા પ્રા.લિ.
અમદાવાદ–મહેસાણા હાઈવે રોડ,
મુ.બાલીયાસણ, તા.જી.મહેસાણા.

// વિરૂધ્ધ //

બીજા પક્ષકાર – શ્રી ગુરપિતસિંગ જયરામ,
૪, વૃન્દાવન સોસાયટી, હાઈવે રોડ,
મુ.પો.બાલીયાસણ, તા.જી.મહેસાણા.

**વિષય – આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે**

**<u>પ્રતિનિધિત્વ</u> –**

પ્રથમ પક્ષકાર તરફે – વિ.વકીલશ્રી એસ.સી.નાયડુ.
બીજા પક્ષકાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી આર.એ.દવે.

## – એ વો ર્ડ –

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રી મહેસાણાએ તેમના તા.૪/૭/૧૬ ના હુકમ નં. કેએચ/એસ. એચ.એમ.સી./એજે./ ૭૮/૧૬ થી અત્રેની અદાલતને સરકારશ્રીના વખતો વખતના હુકમ અન્વયે ન્યાય નિર્ણય અર્થે તબદીલ કરેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે..

## – અનુસુચી –

શ્રી ગુરપિતસિંગ જયરામને પડેલા દીવસોના પગાર સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુનસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૨) સદર રેફરન્સ અત્રેની અદાલતમાં સુપ્રત થતાં આ કામમાં પક્ષકારોને સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ જે તેઓને બજી ગયેલ હોવાનું રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે. બીજા પક્ષકારે આ કામમાં આંક–૯ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે બીજા પક્ષકારની નિમણુંક તા.૩/૧૦/૧૧ના રોજ કરવામાં આવેલ અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારમાં પ્રોજેકટ મેઈનટનન્સ વિભાગમાં (વેલ્ડર) ટેકનીશીયન તરીકે માસીક રૂ.૨૬,૧૨૯/– થી ફરજ બજાવતા હતા. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૨૩/૪/૧૬ના રોજથી નોકરીમાંથઈ છુટા કરી દેતા હાલનો વિવાદ ઉભો થયેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર આપ્યા

સિવાય નોકરીનો અંત આણેલ છે. પ્રથમ પક્ષકારે છુટા કરતા અગાઉ ઔ.વિ.ધારાની કલમ–૨૫(એફ) તથા ૨૫(જી) ની જોગવાઈનું પાલન કરેલ નથી. બીજા પક્ષકાર જે કામગીરી કરતા હતા તે કામગીરી હાલમાં ચાલુ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કામ નહી આપી સીનીયોરીટીનો ભંગ કરેલ છે. આમ પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને તા.૨૩/૪/૧૬ થી ગેરકાયદેસર છુટા કરેલ હોવાનું ઠરાવવા તેમજ પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા સળંગ સર્વિસથી મુળ જગ્યા પર પુનઃસ્થાપિત કરે તેવી દાદની માંગણી કરેલ છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકારે આંક–૯ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં બીજા પક્ષકારે જણાવેલી હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે. પ્રથમ પક્ષકારે તેમના લેખિત જવાબમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર તા.૧૩/૪/૧૬ના રોજ પુર્વ પરવાનગી વિના વગર રજાએ ગેરહાજર રહેલા. બીજા પક્ષકાર વારંવાર ગેરહાજર રહેવા ટેવાયેલા છે અને સંસ્થા અનેક વખત ગેરહાજરી બાબતે ખુલાસો કરવા જણાવેલ. બીજા પક્ષકારે ખુલાસો કરેલ અને મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ. જે ખુલાસો વ્યાજબી ન જણાતા બીજા પક્ષકારને ફીટનેસ સર્ટીફીકેટ તથા જરૂરી દસ્તાવેજ રજુ કરવા જણાવેલ પરંતુ બીજા પક્ષકારે આવા કોઈ દસ્તાવેજો રજુ કરેલ નહી. આમ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા વારંવાર સંસ્થામાં હાજર રહેવા તથા મેડીકલ સર્ટીફીકેટો રજુ કરવા જણાવેલ તેમછતાં આવા કોઈ દસ્તાવેજો બીજા પક્ષકારે આપેલા નથી અને તેઓ સ્વેચ્છાએ ફરજ પર આવતા બંધ થઈ ગયેલ છે તેમ જણાવી બીજા પક્ષકારનો હાલનો વિવાદ રદ કરવા જણાવેલ છે.

(૪) આ કામે પ્રથમ પક્ષકાર તરફે નિ.૧૯/૧ થી નિ.૧૯/૧૬ થી લેખિત દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આપેલ કન્ફર્મેશન લેટર, તેમજ બીજા પક્ષકારને ગેરહાજરી બાબતે આપેલ નોટીસ, બીજા પક્ષકારને આપેલ ઈન્ક્રીમેન્ટ લેટર, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને લખેલ પત્ર, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને લખેલ પત્ર, બીજા પક્ષકારે આપેલ માફીપત્ર, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તથા પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને આપેલા પત્રોની ઝેરોક્ષ નકલો તથા બીજા પક્ષકારના સને ૨૦૧૬ ના વર્ષના લીવ કાર્ડની નકલ વિગેરે દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

(૫) સદર કામે સામાવાળાનો જવાબ રજુ થયા બાદ આ કામ બીજા પક્ષકારના પુરાવા માટે રાખવામાં આવેલ. બીજા પક્ષકારને પુરાવા રજુ કરવા હાજર રહેવા સારૂ આ અદાલત દ્વારા પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં બીજા પક્ષકારે હાજર રહી તેમની અરજીમાં જણાવેલ હકીકતોને લેખિત કે દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરેલ નથી કે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા રજુ થયેલ લેખિત જવાબ વિરૂદ્ધ કોઈ લેખિત કે મૌખિક પુરાવા રજુ કરેલ નથી. આ કામે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે ઘણા લાંબા સમયથી કોઈ હાજર રહેલ નથી અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને ગેરવ્યાજબી અને ગેર કાયદેસર રીતે છુટા કરેલ હોવાનું બીજા પક્ષકારે પુરવાર કરેલ નથી.

(૫) આ કામે બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૩/૧૦/૧૧ થી ટેકનીશીયન તરીકે કામગીરી બજાવતાં હોવાનું, તેમનો માસિક પગાર રૂ.૨૬,૧૨૯/– હોવાનું, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર કિન્નાખોરી રાખી તા.૨૩/૪/૨૦૧૬ ના રોજથી મૌખિક હુકમથી છુટાં કરેલ હોવાનું જણાવેલ છે.

જયારે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારે જણાવેલી ઉપરોકત તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. તે

સંજોગોમાં બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં જણાવેલી ઉપરોકત તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. બીજા પક્ષકારે આ કામે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સાડાચાર વર્ષથી ફરજ બજાવતાં હોવાની હકીકત ખોટી જણાવેલ છે. તેમજ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ દ્વેષભાવ તથા કિન્નાખોરી રાખી છુટાં કરેલ હોવાનું પુરવાર કરવા બીજા પક્ષકારે કોઈ લેખિત કે મૌખિક પુરાવા રજુ કરેલ નથી. તેમજ આ કામે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂદ્ધ લેખિત જવાબ રજુ કરેલ છે જેમાં સંસ્થાએ બીજા પક્ષકારે જણાવેલી હકીકતોનો ઈન્કાર કરેલ છે અને બીજા પક્ષકાર સ્વેચ્છાએ જાતે નોકરી પર આવતા બંધ થઈ ગયેલ હોવાનો બચાવ લીધેલ છે. આમ પ્રથમ પક્ષકારનો જવાબ રજુ થયા બાદ સદર કામ બીજા પક્ષકારના પુરાવા પરે રહેલ. પરંતુ સદર કામે મુદત તારીખે પોકાર કરતા બીજા પક્ષકાર હાજર ન રહેતા આંક–૧ ના હુકમથી બીજા પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં હાલના બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં છેલ્લા સાડા ચાર વર્ષથી નોકરી કરતા હોવાનું અને તેઓને પ્રથમ પક્ષકારે તા.૨૩/૦૪/૨૦૧૯ના રોજથી કિન્નાખોરી રાખી મૌખિક હુકમથી છુટાં કરેલ હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. તે સંજોગોમાં હાલના બીજા પક્ષકાર અનુસુચિમાં જણાવેલી દાદ કે અન્ય કોઈપણ દાદ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવવામાં આવે છે.

ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ પુરાવાના અભાવે તથા ગેરહાજરીના કારણે રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

મહેસાણા

તા.૨૭/૦૩/૨૦૨૫

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત, મહેસાણા.